સામાન્ય ભવિષ્યનીધિમાં લઘુતમ કપાતના
દરની સુધારણા.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીએફઆર/૧૦૨૦૧૪/ ૬૦૭/ચ
સચિવાલય, ગાંધીનગર
તા. 20 SEP 2014

વંચાણે લીધા- તા.૨૯/૩/૯૩ ઠરાવ ક્રમાંકઃ પીએફઆર/૧૦૯૩/૫૩/ચ
તા.૧/૭/૯૪ ઠરાવ ક્રમાંકઃ પીએફઆર/૧૦૯૪/૩૭૪/મ

ઠરાવ

નાણા વિભાગના તા.૨૯/૩/૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃ પીએફઆર/૧૦૯૩/૫૩/મ ની જોગવાઇ અનુસાર સરકારી કર્મચારીઓએ તેમના સામાન્ય ભવિષ્ય નીધી ખાતામાં તેમના મુળ પગારના ૧૦% રકમ ફાળા તરીકે જમા કરાવવી ફરજિયાત છે. પરંતુ મહત્તમ કપાત બાબતે મુંબઇ જનરલ પ્રોવિડન્ડ ફંડ નિયમોના નિયમ ૧૦(૧) હેઠળની શરતો મુજબ કર્મચારી પોતાને મળતા મળતર જેટલી રકમ કપાવી શકે છે.

રાજ્ય સરકારના કર્મચારીઓને તા.૧/૧/૨૦૦૬થી છઠ્ઠા પગારપંચની ભલામણ મુજબના પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ છે તેમજ તેના પર વખતો વખત ચૂકવવામાં આવતા મોંઘવારી ભથ્થાને કારણે પગારમાં ખુબજ વધારો થયેલ છે.

આ બાબત ધ્યાને રાખી કાળજી પૂર્વકની વિચારણા કરી મુંબઇ જનરલ પ્રોવિડન્ડ ફંડ નિયમોના નિયમ ૧૦(૧) હેઠળ નિયમોમાં મહત્તમ કપાત સંદર્ભે " બચતદારના મળતરોથી તે વધુ ન હોવી જોઇએ" તેવી જે જોગવાઇ છે તેમાં સુધારો કરી તેને બદલે"બચતદાર દ્વારા તેના જી.પી.એફ. ખાતામાં તેમના કુલ મળતરના ૫૦ % થી વધુ રકમની કપાત કરાવી શકશે નહીં."તે મુજબ સુધારો કરવાનું આથી સરકાર ઠરાવે છે.

આ હુકમો તેની રવાનગીની તારીખથી અમલમાં આવશે.

મુંબઇ જનરલ પ્રોવિડન્ડ ફંડ નિયમોમાં જરુરી સુધારો હવે પછીથી કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.ડી.સેઇલર)
સંયુક્ત સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
૦- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
૦- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
૦- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ